# ECONOMICS

## Paper - II

## OCT–10/10

Signature of Invigilators

1. ..............................................

2. ..............................................

Roll No. [ ][ ][ ][ ][ ]

(In figures as in Admit Card)

Roll No. ..............................

..............................................

(in words)

**Time Allowed : 75 Minutes]** **[Maximum Marks : 100**

**Instructions for the Candidates**

1. Write your Roll Number in the space provided on the top of this page.
2. This paper consists of **fifty (50)** multiple choice type questions. **All** questions are compulsory.
3. Each item has upto four alternative responses marked (A), (B), (C) and (D). The answer should be a capital letter for the selected option. The answer letter should entirely be contained within the corresponding square.

   Correct method [A] Wrong method [A] OR [A]

4. Your responses to the items for this paper are to be indicated on the ICR Answer Sheet under Paper II only.
5. Read instructions given inside carefully.
6. Extra sheet is attached at the end of the booklet for rough work.
7. You should return the test booklet to the invigilator at the end of paper and should not carry any paper with you outside the examination hall.
8. There shall be no negative marking.
9. Use of calculator or any other electronic devices is prohibited.
10. In case of any discrepancy in Gujarati and English version of Questions the English version should be taken as final.

**પરીક્ષાર્થીઓ માટે સૂચનાઓ :**

૧. આ પાનાની ટોચમાં દર્શાવેલી જગ્યામાં તમારો રોલનંબર લખો.

૨. આ પ્રશ્નપત્રમાં બહુવૈકલ્પિક ઉત્તરો ધરાવતા કુલ **પચાસ (૫૦)** પ્રશ્નો આપેલા છે. **બધા જ** પ્રશ્નો ફરજિયાત છે.

૩. પ્રત્યેક પ્રશ્ન વધુમાં વધુ ચાર બહુવૈકલ્પિક ઉત્તરો ધરાવે છે. જે (A), (B), (C) અને (D) વડે દર્શાવવામાં આવ્યા છે. પ્રશ્નનો ઉત્તર કેપીટલ સંજ્ઞા વડે આપવાનો રહેશે. ઉત્તરની સંજ્ઞા આપેલ ખાનામાં બરાબર સમાઈ જાય તે રીતે લખવાની રહેશે.

   ખરી રીત : [A] ખોટી રીત : [A] , [A]

૪. આ પ્રશ્નપત્રના જવાબ આપેલ ICR Answer Sheet ના Paper II વિભાગની નીચે આપેલ ખાનાઓમાં આપવાના રહેશે.

૫. અંદર આપેલ સૂચનાઓ કાળજીપૂર્વક વાંચો.

૬. આ બુકલેટની પાછળ આપેલું પાનું રફ કામ માટે છે.

૭. પરીક્ષા સમય પૂરો થઈ ગયા પછી આ બુકલેટ જે તે નિરીક્ષકને સોંપી દેવી. કોઈપણ કાગળ પરીક્ષા ખંડની બહાર લઈ જવો નહીં.

૮. ખોટા જવાબ માટે નેગેટિવ ગુણાંકન પ્રથા નથી.

૯. કેલક્યુલેટર અને ઈલેક્ટ્રોનિક યંત્રોનો પ્રયોગ કરવાની મનાઈ છે.

૧૦. પ્રશ્નપત્રના પ્રશ્નોમાં ગુજરાતી અને અંગ્રેજી ભાષાંતરમાં કોઈ વિસંગતિ જોવા મળશે તો અંગ્રેજી અર્થને જ માન્ય ગણવામાં આવશે.

## ECONOMICS

## PAPER - II

## અર્થશાસ્ત્ર

## પેપર–II

*Note* : This paper contains **FIFTY (50)** multiple-choice, assertion/reasoning/matching questions, each question carrying **TWO (2)** marks. Attempt **All** the questions.

**નોંધ :** આ પ્રશ્નપત્રમાં **પચાસ (૫૦)** બહુવિકલ્પીય પ્રશ્નો, સાચું-ખોટું અને જોડકાં બનાવવાના પ્રશ્નો છે. તમામ પ્રશ્નોના જવાબ લખવાના છે. પ્રત્યેક પ્રશ્નના **બે (૨)** ગુણ છે.

1. In a competitive market each seller has limited control over the price of his/her product because :
   - (A) Other sellers sell similar products
   - (B) Buyers influence prices more than sellers
   - (C) Competitive markets are usually controlled by governments
   - (D) Sellers agree to fix a common price so as to maximize their profits

1. હરિફાઈયુક્ત બજારમાં દરેક વેચનારનો પોતાની વસ્તુની કિંમત પર મર્યાદિત અંકુશ હોય છે, કારણ કે :
   - (A) અન્ય વેચનારાઓ તે જ પ્રકારની વસ્તુ વેચે છે
   - (B) વેચનારાઓ કરતાં ખરીદનારાઓ કિંમતોને વધુ અસર કરે છે
   - (C) સામાન્યપણે હરીફાઈયુક્ત બજારો સરકારો દ્વારા અંકુશીત હોય છે
   - (D) વેચનારાઓ કોઈ એક ચોકકસ કિંમત નકકી કરવા સંમત થાય છે કે જેથી તેમનો નફો મહત્તમ થાય

2. Pizza is a normal good if :
   - (A) Demand for pizza falls when its price rises
   - (B) Demand curve for pizza slopes downwards and is non-linear
   - (C) Demand for pizza is positively related to income of the consumer
   - (D) Demand curve for pizza shifts to right when the price of burger falls, assuming that pizza and burger are substitute goods

2. પીઝા એક સામાન્ય વસ્તુ છે, જો :
   - (A) જ્યારે તેની કિંમત વધે છે ત્યારે પીઝાની માંગ ઘટે છે
   - (B) પીઝાનો માંગનો વક્ર નીચેની તરફ ઢાળ ધરાવે છે અને બીનરૈખિક છે
   - (C) પીઝાની માંગ, ગ્રાહકની આવક સાથે હકારાત્મક સંબંધ ધરાવે છે
   - (D) પીઝા અને બર્ગર અવેજી વસ્તુઓ છે એમ ધારી લઈએ તો, જ્યારે બર્ગરની કિંમત ઘટે છે ત્યારે પીઝાનો માંગનો વક્ર જમણી તરફ ખસે છે

3. A price ceiling is binding when it is fixed :
   (A) Above the equilibrium price, causing a shortage
   (B) Above the equilibrium price, causing a surplus
   (C) Below the equilibrium price, causing a shortage
   (D) Below the equilibrium price, causing a surplus

4. Producer's surplus is the area :
   (A) Under the supply curve
   (B) Below the price and above the supply curve
   (C) Between the demand and supply curves
   (D) Under the demand curve and above the price

5. When a tax is imposed on a commodity that is sold in a perfectly competitive market the following will happen :
   (A) Price of that commodity will go up
   (B) Demand curve for that commodity will shift to the left
   (C) Price of the commodity remains unchanged, but quantity demanded and supplied change
   (D) Price of the commodity changes but the quantity demanded and supplied remains unchanged

3. ટોચની કિંમત બંધનકર્તા હોય છે, કે જ્યારે તે :
   (A) સમતુલાની કિંમતથી વધુ હોય છે, જેથી અછત સર્જાય છે
   (B) સમતુલાની કિંમતથી વધુ હોય છે, જેથી અધિશેષ મળે છે
   (C) સમતુલાની કિંમતથી નીચે હોય છે, જેથી અછત સર્જાય છે
   (D) સમતુલાની કિંમતથી નીચે હોય છે, જેથી અધિશેષ મળે છે

4. ઉત્પાદકનો અધિશેષ :
   (A) પૂરવઠા વક્રની નીચે
   (B) કિંમતની નીચે અને પૂરવઠા વક્રની ઉપર
   (C) માંગ અને પૂરવઠા વક્રોની વચ્ચે
   (D) માંગ વક્રની નીચે અને કિંમતની ઉપર

   નો વિસ્તાર છે.

5. જ્યારે પૂર્ણ હરીફાઈયુક્ત બજારમાં વેચાતી એક વસ્તુ પર કરવેરા નાંખવામાં આવે છે ત્યારે :
   (A) તે વસ્તુની કિંમત વધે છે
   (B) તે વસ્તુનો માંગ વક્ર ડાબી તરફ ખસે છે
   (C) વસ્તુની કિંમત બદલાતી નથી, પરંતુ માંગ તથા પૂરવઠાના જથ્થા બદલાય છે
   (D) વસ્તુની કિંમત બદલાય છે, પરંતુ માંગ તથા પૂરવઠાના જથ્થો બદલાતો નથી

6. When both price and quantity (demanded and supplied) of a commodity increase, it is due to :

(A) Shift in the supply curve to the left

(B) Shift in demand curve to the left

(C) (A) and (B)

(D) Shift in demand curve to the right

7. If a tax on a good is imposed for which the demand is relatively inelastic and supply is relatively elastic :

(A) Buyers of the good will bear most of the burden of the tax

(B) Sellers of the good will bear most of the burden of the tax

(C) The volume of good sold in the market will expand

(D) The effective price paid by buyers of the good will fall

6. જ્યારે વસ્તુની કિંમત તેમજ જથ્થો (માંગનો તેમજ પુરવઠાનો) વધે છે, ત્યારે તે :

(A) પૂરવઠાનો વક્ર ડાબી તરફ ખસવાને કારણે હોય છે

(B) માંગનો વક્ર ડાબી તરફ ખસવાને કારણે હોય છે

(C) (A) અને (B)

(D) માંગનો વક્ર જમણી બાજુ ખસવાને કારણે હોય છે

7. જો એક એવી વસ્તુ પર કરવેરા નાંખવામાં આવે કે જેની માંગ પ્રમાણમાં અનપેક્ષ અને પૂરવઠો પ્રમાણમાં વધુ મૂલ્ય સાપેક્ષ છે, તો :

(A) કરનો બોજો મહદંશે વસ્તુ ખરીદનારા ઉપાડશે

(B) કરનો બોજો મહદંશે વસ્તુ વેચનારા ઉપાડશે

(C) બજારમાં વેચાતો વસ્તુનો જથ્થો વધશે

(D) વસ્તુને ખરીદનારા દ્વારા ચૂકવાતી અસરકારક કિંમત ઘટશે

8. To reduce the rate of unemployment, Keynesians would suggest the following :

(A) Increase money supply and reduce taxes

(B) Reduce money supply and increase taxes

(C) Increase money supply and increase taxes

(D) Reduce money supply and reduce taxes

9. Permanent income hypothesis was given by :

(A) John Maynard Keynes

(B) James Tobin

(C) Milton Friedman

(D) James Duesenberry

10. According to Keynesian economics, increase in government expenditure can promote growth if :

(A) Aggregate supply curve is horizontal

(B) Aggregate supply curve is vertical

(C) Aggregate supply curve is forward sloping

(D) (A) and (C)

8. બેરોજગારી દૂર કરવા માટે, કેઈન્સીયનસે નીચે પ્રમાણેના પગલા સૂચવ્યા :

(A) નાણાંના પૂરવઠામાં વધારો અને કરવેરામાં ઘટાડો

(B) નાણાંના પૂરવઠામાં ઘટાડો અને કરવેરામાં વધારો

(C) નાણાંના પૂરવઠામાં વધારો અને કરવેરામાં વધારો

(D) નાણાંના પૂરવઠામાં ઘટાડો અને કરવેરામાં ઘટાડો

9. કાયમી આવકની પરિકલ્પના :

(A) જહોન મીનાર્ડ કેઈન્સ

(B) જેમ્સ ટોબીન

(C) મિલ્ટન ફ્રીડમેન

(D) જેમ્સ ડ્યુઝનબરી

દ્વારા આપવામાં આવી હતી.

10. કેઈન્સીયન અર્થશાસ્ત્ર પ્રમાણે, સરકારી ખર્ચમાં વધારો આર્થિક વૃદ્ધિને ઉત્તેજન આપી શકે, જો :

(A) એકંદર પૂરવઠા વક્ર ક્ષિતિજ સમાંતર હોય

(B) એકંદર પૂરવઠા વક્ર ઊભી રેખા હોય

(C) એકંદર પૂરવઠા વક્ર ધન ઢાળ ધરાવે છે

(D) (A) અને (C)

11. Money-multiplier is the ratio of :

(A) Stock of money to bank reserves

(B) Stock of money to high-powered money

(C) Stock of money to foreign exchange reserves

(D) Stock of broad-money to stock of narrow money

11. નાણાં ગુણક એ :

(A) નાણાંના જથ્થાનો અને બેન્ક રીઝર્વનો

(B) નાણાંના જથ્થાનો અને ઉચ્ચ સત્તાધીશ નાણાંનો

(C) નાણાંના જથ્થાનો અને વિદેશી હુંડીયામણ અનામતનો

(D) વ્યાપક નાણાંના જથ્થા અને સીમિત નાણાંના જથ્થાનો

ગુણોત્તર છે.

12. Long-run Phillips curve will be vertical if :

(A) The expected rate of inflation equals actual rate of inflation

(B) Expectations formed by economic agents are based on adaptive or error-learning process

(C) Workers suffer from money-illusions

(D) (A) and (C)

12. લાંબા ગાળાનો ફિલિપ્સ વક્ર, ઊભી રેખા હોય છે કે જયારે :

(A) ફુગાવાનો અપેક્ષિત દર અને ફુગાવાનો વાસ્તવિક દર સમાન હોય

(B) આર્થિક એજન્ટો દ્વારા થયેલી અપેક્ષાઓ, અનુકૂલનશીલ અથવા ભૂલ આધારિત જ્ઞાન પ્રક્રિયા પર આધારિત હોય

(C) શ્રમિકો નાણાં ભ્રમ ધરાવતા હોય

(D) (A) અને (C)

13. Liquidity preference theory is most relevant to the :

(A) Short-run and postulates that price level adjusts to equilibriate demand and supply of money

(B) Short-run and postulates that interest rate adjusts to equilibriate demand and supply of money

(C) Long-run and postulates that price level brings about equality between demand and supply of money

(D) Long-run and postulates that interest rate brings about equilibrium between demand and supply of money

13. તરલતા પસંદગી સિદ્ધાંત :

(A) ટૂંકા ગાળામાં અને કિંમતની સપાટી નાણાંની સમતુલિત માંગ અને પૂરવઠા સાથે સમાયોજન કરે છે એ ધારણા કરે છે

(B) ટૂંકા ગાળામાં અને વ્યાજનો દર સમતુલિત નાણાંની માંગ અને પૂરવઠા સાથે સમાયોજન કરે છે એ ધારણા કરે છે

(C) લાંબા ગાળામાં અને કિંમતનું સ્તર નાણાંની માંગ અને પૂરવઠા વચ્ચે સમાનતા લાવે છે એ ધારણા કરે છે

(D) લાંબા ગાળામાં અને વ્યાજનો દર નાણાંની માંગ અને પૂરવઠા વચ્ચે સમાનતા લાવે છે એ ધારણા કરે છે

સાથે સૌથી વધુ પ્રસ્તુત છે.

14. If the marginal propensity to save and import in an open economy are 0.3 and 0.15, respectively, then the magnitude of foreign trade multiplier will be :

(A) 0.55

(B) 3.33

(C) 2.22

(D) 6.67

14. જો સીમાંત બચત વૃત્તિ અને સીમાંત આયાત વૃત્તિ અનુક્રમે 0.3 અને 0.15 હોય તો, વિદેશ વ્યાપાર ગુણકની કિંમત :

(A) 0.55

(B) 3.33

(C) 2.22

(D) 6.67

હશે.

15. According to Karl Marx, rate of profit has tendency to fall because of :

(A) increase in organic composition of capital

(B) increase in variable capital

(C) increase in total capital

(D) increase in fixed capital

16. According to Schumpeter, development of the economy depends on :

(A) Innovations

(B) Only on total capital

(C) Supply of labour

(D) Availability of variable capital

17. Warranted rate of growth in Harrod-Domar model is :

(A) the rate of growth which represents entrepreneurial equilibrium

(B) maximum possible rate of growth that can be achieved in the longrun

(C) the rate of growth which ensures full employment of all factors of production

(D) The rate of growth which ensures full employment of labour

15. કાર્લ માકર્સના મત મુજબ, નફાના દરમાં ઘટાડો થવાનું વલણ :

(A) મૂડીની આંતરિક રચનામાં વધારો થવાને કારણે છે

(B) અસ્થિર મૂડીમાં વધારો થવાને કારણે છે

(C) કુલ મૂડીમાં વધારો થવાને કારણે છે

(D) સ્થિર મૂડીમાં વધારો થવાને કારણે છે

16. શુમ્પીટરના મંતવ્ય મુજબ, અર્થતંત્રનો વિકાસ :

(A) નવસંસ્કરણ

(B) ફક્ત કુલ મૂડી

(C) શ્રમના પૂરવઠા

(D) અસ્થિર મૂડીની ઉપલબ્ધતા

પર આધાર રાખે છે.

17. હેરડ-ડોમાર મોડેલમાં ઉચિત વૃદ્ધિ દર :

(A) એ વૃદ્ધિ દર છે કે જે ઉદ્યોગ સાહસિકતાની સમતુલા દર્શાવે છે

(B) લાંબા ગાળામાં જે મહત્તમ વૃદ્ધિ દર શક્ય હોય તે દર્શાવે છે

(C) તમામ ઉત્પાદનના સાધનોની પૂર્ણ રોજગારીની ખાત્રી આપે તે વૃદ્ધિ દર દર્શાવે છે

(D) શ્રમની સંપૂર્ણ રોજગારીની ખાત્રી આપે તે વૃદ્ધિ દર દર્શાવે છે

18. Critical minimum effort thesis is associated with :

(A) Leibenstein

(B) R.R. Nelson

(C) J.R. Hicks

(D) B. Higgins

18. 'આવશ્યક ન્યૂનતમ પ્રયાસ' નો સિદ્ધાંત :

(A) લીબેનસ્ટાઈન

(B) આર.આર. નેલ્સન

(C) જે.આર. હીકસ

(D) બી. હીગીન્સ

સાથે સંકળાયેલો છે.

19. The theory of "Big Push" is associated with the name of :

(A) Rosenstein-Rodan

(B) W.W. Rostow

(C) Karl Marx

(D) H.S. Ellis

19. ''બીગ પુશ'' નો સિદ્ધાંત :

(A) રોઝેન્સ્ટાઈન-રોડન

(B) ડબ્લ્યુ. ડબ્લ્યુ. રોસ્ટોવ

(C) કાર્લ માકર્સ

(D) એચ.એસ. ઈલીસ

સાથે સંકળાયેલો છે.

20. Human Poverty Index excludes :

(A) The percentage of population not expected to survive to the age of 40

(B) The adult illiteracy rate

(C) Deprivation Index

(D) Real per capita income

20. માનવ ગરીબાઈ આંકમાં :

(A) 40 વર્ષની વય સુધી, જે જીવિત રહેવાની અપેક્ષા નથી એવી વસ્તીની ટકાવારી

(B) પ્રૌઢ નિરક્ષરતા દર

(C) વંચિતતાનો દર

(D) માથાદીઠ વાસ્તવિક આવક

નો સમાવેશ થતો નથી.

21. Density of population is the ratio of :

(A) Total population to total rural land area

(B) Total population to total urban land area

(C) Total population to total land area

(D) Total population to total state area

21. વસ્તીની ઘનતા એ :

(A) કુલ વસ્તી અને કુલ ગ્રામિણ જમીન વિસ્તારનો ગુણોત્તર છે

(B) કુલ વસ્તી અને કુલ શહેરી જમીન વિસ્તારનો ગુણોત્તર છે

(C) કુલ વસ્તી અને કુલ જમીનનો ગુણોત્તર છે

(D) કુલ વસ્તી અને કુલ રાજ્ય વિસ્તારનો ગુણોત્તર છે

22. The most important item of expenditure on revenue account of the Central Government is :

(A) Subsidies

(B) Interest payment

(C) Defence

(D) Fiscal services

22. કેન્દ્ર સરકારના મહેસૂલી હિસાબમાં ખર્ચની સૌથી અગત્યની બાબત :

(A) સબસીડીઓ

(B) વ્યાજની ચૂકવણી

(C) સંરક્ષણ

(D) રાજકોષીય સેવાઓ છે.

23. Which of the following is the least percentage of GDP in India ?

(A) Gross Fiscal Deficit

(B) Net Fiscal Deficit

(C) Revenue Deficit

(D) Gross Primary Deficit

23. ભારતના સકળ ઘરેલુ ઉત્પાદન (GDP) માં નીચેનામાંથી શેની ટકાવારી લઘુત્તમ છે ?

(A) કુલ રાજકોષીય ખાધ

(B) ચોખ્ખી રાજકોષીય ખાધ

(C) મહેસૂલી ખાધ

(D) કુલ પ્રાથમિક ખાધ

24. Who among the following economists, propounded the canon of taxation ?

(A) Adam Smith

(B) David Ricardo

(C) A.C. Pigou

(D) Findlay Shirras

24. નીચેનામાંથી કયા અર્થશાસ્ત્રીએ 'કરવેરાનો સિદ્ધાંત' રજૂ કર્યો ?

(A) આદમ સ્મીથ

(B) ડેવીડ રીકાર્ડો

(C) એ.સી. પીગુ

(D) ફીન્ડલે શીરાસ

25. Which of the following tax is levied by the centre and not divided between the centre and the states ?

(A) Income Tax

(B) Union Excise Duty

(C) Wealth Tax

(D) Corporation Tax

25. નીચેનામાંથી કયો કર કેન્દ્ર સરકાર દ્વારા લાદવામાં આવે છે અને કેન્દ્ર તથા રાજ્યો વચ્ચે વહેંચાતો નથી ?

(A) આવક વેરો

(B) કેન્દ્રીય જકાત વેરો

(C) સંપત્તિ વેરો

(D) કોર્પોરેશન કર

26. Which of the following Indian Act has been replaced by the enactment of FEMA in 1999 ?

(A) FERA

(B) Indian Copyright Act

(C) Indian Patent Act

(D) Direct Tax Act

26. નીચેના ભારતીય કાયદાઓમાંથી કયો કાયદો, વર્ષ 1999 માં FEMA કાયદો ઘડાવાને કારણે નાબૂદ થયો ?

(A) FERA

(B) ભારતીય કોપીરાઈટ ધારો

(C) ભારતીય પેટન્ટ ધારો

(D) પ્રત્યક્ષ કર ધારો

27. In a competitive market a tax on wage income falls totally on labour when :

(A) Labour Supply is elastic

(B) Labour Supply is highly elastic

(C) Labour Supply is inelastic

(D) Demand for product is infinitely elastic

27. એક હરીફાઈયુક્ત બજારમાં, વેતન આવક પરનો કર સંપૂર્ણપણે શ્રમિક પર પડે છે કે જ્યારે :

(A) શ્રમનો પૂરવઠો મૂલ્યસાપેક્ષ હોય છે

(B) શ્રમનો પૂરવઠો અતિમૂલ્યસાપેક્ષ હોય છે

(C) શ્રમનો પૂરવઠો મૂલ્ય અનપેક્ષ હોય છે

(D) વસ્તુની માંગની મૂલ્યસાપેક્ષતા અનંત હોય છે

28. Direct Tax Revenue as a proportion of gross tax revenue in 2009-10 (B.E.) is :

(A) 57.7

(B) 47.2

(C) 40.5

(D) 50.4

28. વર્ષ 2009-10 ના બજેટ અંદાજોમાં, કુલ કર આવકમાં પ્રત્યક્ષકર વસૂલીનું પ્રમાણ :

(A) 57.7

(B) 47.2

(C) 40.5

(D) 50.4 છે.

29. Who gave the absolute cost advantage theory ?

(A) Marshall

(B) Pigou

(C) Ricardo

(D) Adam Smith

29. નિરપેક્ષ ખર્ચ લાભ સિદ્ધાંત કોણે આપ્યો છે ?

(A) માર્શલ

(B) પીગૂ

(C) રિકાર્ડો

(D) આદમ સ્મિથ

30. Heckscher-Ohlin theory states that international trade takes place because of :

(A) Differences in labour productivity

(B) Differences in political economy

(C) Differences in factor endowment

(D) Differences in research and development

30. હેકસર-ઓહલિન સિદ્ધાંત પ્રમાણે આંતરરાષ્ટ્રીય વેપાર થવાનું કારણ છે :

(A) શ્રમની ઉત્પાદકતામાં તફાવત

(B) રાજકીય અર્થવ્યવસ્થામાં તફાવત

(C) સાધન-સંપત્તિમાં તફાવત

(D) સંશોધન અને વિકાસમાં તફાવત

31. If the country sells its product in a foreign market at a price which is lower than home market, it is termed as :

(A) Cartel

(B) Dumping

(C) Subsidy

(D) Both (A) and (C)

31. જો કોઈ એક દેશ પોતાની વસ્તુ વિદેશી બજારમાં પોતાના દેશમાં વેચાય છે તેના કરતા ઓછી કિંમતે વેચે તો તે શું કહેવાય છે ?

(A) ઉત્પાદક સંઘ (Cartel)

(B) માલનો ભરાવો કરવો (Dumping)

(C) સબસીડી

(D) (A) અને (C) બંને

32. The invisible item in the balance of payment is :

(A) Gifts

(B) Shipping

(C) Export of goods

(D) Travel

32. લેણ-દેણની તુલામાં અદૃશ્ય મુદ્દો કયો છે ?

(A) ભેટ

(B) શીપિંગ

(C) વસ્તુઓની નિકાસ

(D) પ્રવાસન

33. One of the ways to *correct* adverse balance of payment is :

(A) Reduction in custom duties

(B) Reduction in taxes

(C) Revaluation of currency

(D) Devaluation of currency

33. લેણદેણની તુલામાં ખાધ સુધારવા માટેનો એક ઉપાય છે :

(A) જકાત વેરામાં ઘટાડો

(B) કરવેરામાં ઘટાડો

(C) નાણાંનું પુનઃ મૂલ્ય નિર્ધારણ

(D) નાણાંનું અવમૂલ્યન

34. Under increasing opportunity cost conditions, with opening of trade :

(A) incomplete specialisation is better than complete specialisation in production

(B) Complete specialisation in production of one of the commodities is not possible

(C) Complete specialisation in production of one of the commodities maximises welfare of the society

(D) Complete specialisation in production of one of the commodities is possible only in one country

34. વધતા જતા વૈકલ્પિક ખર્ચની પરિસ્થિતિમાં, વેપાર શરૂ થવાથી :

(A) ઉત્પાદનમાં સંપૂર્ણ વિશિષ્ટીકરણ કરતાં અપૂર્ણ વિશિષ્ટીકરણ બહેતર છે

(B) વસ્તુઓમાંની એક વસ્તુના ઉત્પાદનમાં સંપૂર્ણ વિશિષ્ટીકરણ શકય નથી

(C) વસ્તુઓ પૈકી એક વસ્તુના ઉત્પાદનમાં સંપૂર્ણ વિશિષ્ટીકરણને કારણે સામાજિક કલ્યાણનું મહત્તમીકરણ થાય છે

(D) એક વસ્તુનાં ઉત્પાદનમાં સંપૂર્ણ વિશિષ્ટીકરણ ફક્ત એક જ દેશમાં શકય છે

35. The empirical verification of Heckscher-Ohlin trade theorem was first attempted by :

(A) Paul Samuelson

(B) W.W. Leontief

(C) Bela Balassa

(D) Jagdish Bhagwati

35. હેકચર-ઓહલીનના વેપાર અંગેના પ્રમેયની અનુભવસિદ્ધ ચકાસણી, સૌ પ્રથમ :

(A) પોલ સેમ્યુઅલસન

(B) ડબલ્યુ. ડબલ્યુ. લીયોન્ટીફ

(C) બેલા બલાસા

(D) જગદીશ ભગવતી

દ્વારા કરવામાં આવી.

36. The base of Consumer Price Index for Industrial workers is being shifted from 1982 to :

(A) 1995

(B) 1998

(C) 1999

(D) 2001

36. ઔદ્યોગિક કામદારો માટેના ગ્રાહક-કિંમત સૂચક આંક (CPI) નું આધાર વર્ષ 1982 ને બદલે :

(A) 1995

(B) 1998

(C) 1999

(D) 2001

રાખવાનું નક્કી થયું છે.

37. Which among the following is effectively controlling the share market in India ?

(A) MRTP Act

(B) FERA

(C) BIFR

(D) SEBI

37. ભારતમાં શેરબજારને નીચેનામાંથી શું અસરકારક રીતે અંકુશમાં રાખે છે ?

(A) MRTP ધારો

(B) FERA

(C) BIFR

(D) SEBI

38. Human Development Index was originally developed by :

(A) Planning Commission

(B) UNDP

(C) SAARC

(D) G-7 Countries

38. માનવ વિકાસ આંકને :

(A) આયોજન પંચ

(B) UNDP

(C) SAARC

(D) G-7 દેશો

દ્વારા સૂચવવામાં આવ્યો હતો.

39. Sustainable development means :

(A) Maximising current per capita income

(B) Growth without sacrificing the needs of the future generation

(C) Minimising poverty

(D) Sustaining low budget deficit

40. After the announcement of RBI for the hike in repo rate and reverse repo rate on April 20, 2010 which of the following rate stands at the minimum ?

(A) Bank rate

(B) Cash Reserve Ratio

(C) Repo rate

(D) Reverse Repo Rate

41. According to 2001 census, Indian population was :

(A) 98.7 crore

(B) 100.0 crore

(C) 102.9 crore

(D) 105.7 crore

42. Narsimham Committee was related to :

(A) High Education Reform

(B) Tax Structure Reforms

(C) Banking Structure Reforms

(D) Planning Implementation Reforms

39. ''સમપોષિત વિકાસ'' એટલે :

(A) પ્રવર્તમાન માથા દીઠ આવકનું મહત્તમીકરણ

(B) ભવિષ્યની પેઢીની જરૂરિયાતોનું બલિદાન આપ્યા વગરની વૃદ્ધિ

(C) ગરીબાઈનું ન્યૂનતમીકરણ

(D) બજેટની ઓછી ખાધને જાળવી રાખવી

40. 20 મી એપ્રિલ, 2010 ના દિવસે રીઝર્વ બેન્ક દ્વારા રેપોરેટ અને રીવર્સ રેપોરેટમાં વધારો કર્યાની જાહેરાત કર્યા બાદ, નીચેનામાંથી કયો દર સૌથી નીચો હશે ?

(A) બેન્ક રેટ

(B) કેશ-રીઝર્વ રેશીયો

(C) રેપો રેટ

(D) રીવર્સ રેપો રેટ

41. 2001 ની વસ્તીગણત્રી મુજબ ભારતની વસ્તી :

(A) 98.7 કરોડ

(B) 100.0 કરોડ

(C) 102.9 કરોડ

(D) 105.7 કરોડ હતી.

42. નરસિંહમ સમિતિ :

(A) ઉચ્ચ શિક્ષણમાં સુધારણા

(B) કરવેરા માળખામાં સુધારા

(C) બેન્કીંગ ક્ષેત્રે સુધારા

(D) આયોજનના અમલીકરણમાં સુધારા

સાથે સંબંધિત હતી.

43. An expert committee on climate change has been formed by the Ministry of Environment and Forest under the Chairmanship of :

(A) R. Chidambaram

(B) V. Siddhartha

(C) A. Raja

(D) Nirmala Deshpande

44. Mean is a :

(A) Mathematical Average

(B) Positional Average

(C) (A) and (B) above

(D) Qualitative Average

45. The concept of central tendency implies :

(A) Dispersion

(B) Correlation

(C) Average

(D) (A) and (C) above

46. Correlation is a measure of :

(A) How one variable affects other variable

(B) Closeness of relationship between two variables

(C) How much one variable is dependent on the value of other variable

(D) Variation in one variable

43. પર્યાવરણ અને વન મંત્રાલય દ્વારા રચિત 'આબોહવા પરિવર્તન' પરની નિષ્ણાતોની સમિતિ :

(A) આર. ચિદમ્બરમ

(B) વી. સિદ્ધાર્થ

(C) એ. રાજા

(D) નિર્મલા દેશપાંડે

ના વડપણ હેઠળ રચવામાં આવી છે.

44. મધ્યક એ :

(A) ગાણિતીક સરેરાશ

(B) સ્થાનાત્મક સરેરાશ

(C) ઉપરના (A) અને (B)

(D) ગુણાત્મક સરેરાશ છે.

45. કેન્દ્રીય વલણનો ખ્યાલ એટલે :

(A) પ્રસારમાન

(B) સહસંબંધ

(C) સરેરાશ

(D) ઉપરના (A) અને (C)

46. સહસંબંધ :

(A) એક ચલરાશિ બીજી ચલરાશિને કઈ રીતે અસર કરે છે

(B) બે ચલરાશિઓ વચ્ચેના સંબંધની પ્રગાઢતા

(C) એક ચલરાશિ, બીજી ચલરાશિની કિંમત પર કઈ રીતે આધાર રાખે છે

(D) એક ચલરાશિમાં થતું પ્રસારમાન

નો માપદંડ છે.

47. The most widely used method of calculating correlation is :

(A) Spearman's

(B) Scatter diagram

(C) Karl Pearson's

(D) Bowley's

48. Variance of the Binomial Distribution is :

(A) np

(B) nq

(C) pq

(D) npq

49. The value of coefficient of correlation lies between :

(A) −1 and +1

(B) 0 and +1

(C) 0 and −1

(D) 0 and ∞

50. When $y = 50 + 5x$, it says :

(A) When $x$ changes by 1 unit, $y$ will change by 5 units

(B) When $x$ changes by 1 unit, $y$ will change by 5 percent

(C) When $x$ changes by 1 per cent, $y$ will change by 5 per cent

(D) When $x$ changes by 1 per cent, $y$ will change by 5 units

47. સહસંબંધ શોધવાની સૌથી વધુ વપરાતી પદ્ધતિ :

(A) સ્પીઅરમેનની

(B) વિકીર્ણ આકૃતિ

(C) કાર્લ પીઅર્સનની

(D) બાઉલીની છે.

48. દ્વિપદી વિતરણનું વિચરણ :

(A) np

(B) nq

(C) pq

(D) npq છે.

49. સહસંબંધાંકની કિંમત :

(A) −1 અને +1

(B) 0 અને +1

(C) 0 અને −1

(D) 0 અને ∞ ની વચ્ચે હોય છે.

50. જયારે $y = 50 + 5x$ હોય ત્યારે :

(A) જયારે $x$ માં એક એકમ જેટલો ફેરફાર થાય છે ત્યારે $y$ માં 5 એકમ જેટલો ફેરફાર થાય છે

(B) જયારે $x$ માં એક એકમ જેટલો ફેરફાર થાય છે ત્યારે $y$ માં 5 ટકા જેટલો ફેરફાર થાય છે

(C) જયારે $x$ માં એક ટકા જેટલો ફેરફાર થાય છે ત્યારે $y$ માં 5 ટકા જેટલો ફેરફાર થાય છે

(D) જયારે $x$ માં એક ટકા જેટલો ફેરફાર થાય છે ત્યારે $y$ માં 5 એકમ જેટલો ફેરફાર થાય છે

## ROUGH WORK